सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ તારીખ | ૦૭/૧૧/૨૦૨૫ | | |
| કેસ નોંધણી તારીખ | ૦૭/૧૧/૨૦૨૫ | | |
| કેસ ફેસલની તારીખ | ૧૪/૦૮/ ૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિન |
| | ૦ | ૯ | ૦૭ |

**<u>ફોર્મ-એ</u>**

**સાવરકુંડલાના એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી કુત્બુદીન નુરમોહમંદ સરવૈયા સાહેબની અદાલતમા, મુ. સાવરકુંડલા**

**ફોજદારી કેસ નં. ૧૦૮૨/૨૦૨૫**

**આંક– ૧૬**

(ચુકાદાની તારીખ: ૧૪/૦૮/૨૦૨૬)

(સાવરકુંડલા રૂરલ પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૧૯૩૦૫૩૨૪૦૪૧૩/૨૦૨૪)

**ફરીયાદી:** સરકારશ્રી

**ફરીયાદપક્ષે વિ. એપીપીશ્રી હાજર ન હોય નામ. કોર્ટ દવારા.**

**વિરૂધ્ધ**

**આરોપી:** પ્રવિણભાઇ ઉર્ફે પાસાભાઇ બાબુભાઇ સાંકળીયા
ઉ. વ. પુખ્ત, ધંધો– ખેતીકામ
રહે. બાઢડા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી.
**આરોપી તરફે વિ. વ.શ્રી જે. ડી. ખુમાણ**

**<u>ફોર્મ–બી</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૪/૧૨/૨૦૨૪ |
| એફ. આઇ. આર.ની વિગત | ૦૫/૧૨/૨૦૨૪ |
| ચાર્જશીટ રજુ તારીખ | ૭/૧૧/૨૦૨૫ |
| તહોમતનામુ ઘડયા તારીખ | ૨/૦૭/૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૧/૮/૨૦૨૬ |
| ચુકાદા પર રાખ્યા તારીખ | ૧૪/૮/૨૦૨૬ |
| ચુકાદા તારીખ | ૧૪/૮/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | – |

**–: આરોપીની વિગત:–**

| **આરોપી નં.** | **આરોપીનુ નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન પર મુકત કર્યા તારીખ** | **આક્ષેપિત ગુના** | **છોડી મુકેલ છે કે સજા કરેલ છે** | **કરવામાં આવેલ સજા** | **ફો.કા. સં.ની કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયત નો સમયગાળો** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રવિણભાઇ ઉર્ફે પાસાભાઇ બાબુભાઇ સાંકળીયા | ૦૮/૦૨/૨૦૨૫ | ૦૮/૦૨ /૨૦૨૫ | બી. એન. એસ. ની કલમ–૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ. વી. એકટની કલમ–૧૩૪, ૧૭૭, ૧૮૪ | છોડી મુકેલ છે. | – | – |

## ફોર્મ–સી

## એ.– ફરીયાદપક્ષ તરફેના મૌખિક પુરાવાઓનુ લીસ્ટ:–

| **સાહેદ નં.** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ૧ | ૭ | કનુભાઇ ટાભાભાઇ વેગડા | ફરીયાદી |
| ૨ | ૯ | રમેશભાઇ ટાભાભાઇ વેગડા | સાહેદ |

## બી– ફરીયાદપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનુ લીસ્ટ:–

| **અનુ. નંબર** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૦૮ | ફરીયાદ |
| ૨ | ૧૦ | ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૩ | ૧૧ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૪ | ૧૨ | અટક પંચનામુ |
| ૫ | ૧૩ | પી. એમ. નોટ |
| ૬ | ૧૪ | સ્થળ પરીક્ષણ અહેવાલ |

**– : : ચુ કા દો : : –**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, આરોપીએ તા.૦૪.૧૨.૨૦૨૪ ના રાત્રીના કોઈપણ સમયે આ કામના ફરીયાદીના ભાઈ (મરણજનાર) દિનેશભાઈ ટાભાભાઇ નાઓને આરોપીએ તેના ટ્રેકટરની ટ્રોલીમાં ડુંગળી ભરેલ હોય તેના ઉપર બેસાડેલ હોય અને આરોપીએ તેનું ટ્રેકટર પુરઝડપે અને બેફીકરાઈથી માણસોની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવતા આ કામેના મરણજનાર ટ્રેકટરની ટ્રોલીમાંથી પડી જતા મરણજનારને શરીરે નાની મોટી ઈજાઓ તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા મરણ ગયેલ હોય જે ગુનો કરેલ. જેથી આરોપી વિરૂધ્ધ **સાવરકુંડલા રૂરલ પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૧૯૩૦૫૩૨૪૦૪૧૩/૨૦૨૪, બી. એન. એસ.ની કલમ– ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી), તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ.

(૨) ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ આ ગુનાના કામે તપાસ કરતા, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા, તેમના વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરેલ અને ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીને સમન્સ કાઢતા આરોપી હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપવામાં આવેલી. ત્યારબાદ **આંક–૫** થી તહોમતનામુ ફરમાવ્યા બાદ આરોપીની **આંક–૦૬** થી પ્લી નોંધતા, તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.

(૩) ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમા ઉપરોકત **ફોર્મ:સી** માં ફરીયાદપક્ષના સાક્ષીઓની યાદીમા જણાવ્યા મુજબના સાહેદોનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે. તેમજ ફરીયાદપક્ષના આંકે પાડેલ દસ્તાવેજોની યાદીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષના અસરકર્તા પક્ષકારે **આંક–૧૫** થી કલોઝીંગ પુરશીશ રજુ કરી પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે. ત્યારબાદ સદર કામ આરોપીનુ **બી. એન. એસ. એસ. ની કલમ– ૩૫૧** હેઠળ વિશેષ

નિવેદન નોંધવામા આવેલ છે. જેમા તેઓને બચાવના સાહેદ તપાસવા નથી અને તેઓ નિર્દોષ હોય નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૫) ફરીયાદપક્ષ તરફે વિ. એપીપીશ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે ફરિયાદીની ફરિયાદ, હકીકત તથા રેકર્ડ પરના તમામ પુરાવાઓને ધ્યાને રાખી આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો જણાતો હોય આરોપીને કાયદામાં પ્રસ્થાપિત જોગવાઈ મુજબ સજા તથા દંડ કરવા રજૂઆત કરી છે. જ્યારે બચાવ પક્ષ તરફના વિદ્વાન વકીલશ્રીએ દલીલ કરતાં રજૂઆત કરી છે કે આ કામે ફરિયાદીની ફરિયાદ, હકીકત તથા સોગંદ પરના પુરાવામાં પ્રથમ દ્રષ્ટિએ વિરોધાભાસ જણાતો હોય તેમજ અન્ય મૌખિક તથા દસ્તાવેજી પુરાવામાં પણ વિરોધાભાસી હકીકતો રેકોર્ડ ઉપર આવેલ હોય, જેથી ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરી શકેલ નથી. તેથી આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજૂઆત કરી છે.

(૬) ઉપરોકત હકીકતે તથા પડેલ પુરાવો લક્ષમાં લેતા આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– :: મુ દ્દા ઓ ::–**

૧) શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એ હકીકત પુરવાર કરે છે કે, આરોપીએ તા.૦૪.૧૨.૨૦૨૪ ના રાત્રીના કોઈપણ સમયે આ કામના ફરીયાદીના ભાઈ (મરણજનાર) દિનેશભાઈ ટાભાભાઇ નાઓને આરોપીએ તેના ટ્રેકટરની ટ્રોલીમાં ડુંગળી ભરેલ હોય તેના ઉપર બેસાડેલ હોય અને આરોપીએ તેનું ટ્રેકટર પુરઝડપે અને બેફીકરાઇથી માણસોની જીંદગી જોખમાઇ તે રીતે ચલાવતા આ કામેના મરણજનાર ટ્રેકટરની ટ્રોલીમાંથી પડી જતા મરણજનારને શરીરે નાની મોટી ઈજાઓ તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા મરણ ગયેલ હોય **બી. એન. એસ.ની કલમ–૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી), તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબનો

શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે?

૨) શુ હુકમ?

(૬.૧) ઉપરોકત મુદ્દાઓ અંગેના આ અદાલતના નિર્ણયો અને તેના કારણો નીચે મુજબના છે.

૧) નકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

**-::કા ર ણો::-**

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા:-</u>**

(૭) આપણી ફોજદારી ન્યાય વિતરણ પધ્ધતિ મુજબક આરોપી સામે આક્ષેપાયેલા ગુનાઓ યોગ્ય પુરાવો રજુ કરીને નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી પ્રોસીકયુશન પક્ષની થાય છે. આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી.

(૮) આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ સાહેદોની જુબાની રેકર્ડ પર હોય, પુનરાવર્તન ટાળવા તેમની જુબાનીઓનુ આબેહુમ વર્ણન અત્રે કરેલ નથી, પરંતુ યથાયોગ્ય જગ્યાએ તેના મૂલ્યાંકનની ચર્ચા કરેલ છે.

(૯) ફરિયાદપક્ષનો સમગ્ર કેસ ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદી- કનુભાઇ ટાભાભાઇ વેગડાને આંક-૦૭ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સરતપાસમાં જ જણાવે છે કે, બનાવની જાણ તેઓને ફોન દવારા થયે હોવાનુ જણાવેલ છે. જેથી મરણ જનારને સાવરકુંડલા ખાતે સરકારી હોસ્પીટલમા લઇ ગયેલ. જયા ફરજ પરના ડોકટર દવારા તેઓના ભાઇને મરણ ગયેલ હોવાનુ જાહેર કરેલ. તેમજ સદરહુ સાહેદે તેઓના વિશેષ નિવેદનમા જણાવેલ તમામ હકીકતોનો ઈનકાર કરેલ હોવાનુ જણાવી જણાવી પોતે આપેલ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી, સદર ફરીયાદને **આંક-૮** થી રજુ કરેલ છે. **જયારે** સદરહુ સાહેદની બચાવપક્ષ તરફેના વિ. વ. શ્રી દવારા ઉલટતપાસ કરવામા આવેલ છે. જેમા તેઓએ જણાવેલ છે કે, '' બનાવ તેઓએ નજરે જોયેલ નથી, તેમજ અકસ્માત કરનાર વાહન ચાલક કોણ હતા તે તેઓ કહી શકે નહી, તેમજ અકસ્માતના

બનાવની હકીકત વાતોવાતોથી જાણેલ હોવાની તમામ હકીકતો સ્વીકારના સ્વરૂપમાં બહાર આવેલ છે.

**(૯.૧)** વધુમા આ કામના અન્ય સાહેદ રમેશભાઈ ટાભાભાઇ વેગડા(આંક–૦૯) નાઓના પુરાવામા બનાવની જાણ તેઓને ફોન દવારા થયેલ હોવાની તથા તેઓ ત્યારબાદ મરણ જનારને સાવરકુંડલા સરકારી હોસ્પીટલ ગયેલ હોવાની તથા મરણ જનારને ગંભીર ઈજાઓ થયેલ હોય જેથી ડોકટર સાહેબ દવારા તેઓ મરણ ગયેલ હોવાની હકીકત જણાવેલ છે. તેમજ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમા બનાવ તેઓએ નજરે જોયેલ ન હોવાની તથા અકસ્માત કરનાર વાહન ચાલક કોણ હતા તે તેઓ કહી શકતા ન હોવાની તથા અકસમાતના બનાવની હકીકત વાતવાતોમાથી જાણેલ હોવાની વગેરે હકીકતો સ્વીકૃતિના સ્વરૂપમા બહાર આવેલ છે.

**(૧૦)** વિશેષમાં આ કામે આંક–૧૦ થી ઈન્કવેસ્ટ પંચનામુ, ૧૧ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, ૧૨ થી અટક પંચનામુ, ૧૩ થી પી. એમ. નોટ, અને ૧૪ થી સ્થળ પરીક્ષણ અહેવાલ રજુ થયેલ છે. જેમાં બચાવપક્ષે આંકે પાડવા સામે વાંધો ન હોવાનો શેરો કરી આપતા સદર દસ્તાવેજી આધારોના સાહેદોને આ કામે તપાસવામાં આવેલ નથી.

**(૧૧)** ઉપરોકત કાયદાકીય જોગવાઈ સાથે સાથે હાથ પરના કેસમાં ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો સદર કેસના અસરકર્તા સાક્ષી એવા ફરીયાદી કનુભાઇ ટાભાભાઇ વેગડા (આંક–૦૭) તેમની સરતપાસમાં જ જણાવે છે કે, બનાવની જાણ તેઓને ફોન દવારા થયેલ હોવાની હકીકત જણાવેલ છે તથા ઉલટતપાસમા પણ બનાવ તેઓએ નજરે જોયેલ નથી અને અકસ્માત કરનાર વાહન ચાલક કોણ હતા તે તેઓ કહી શકે નહી અને અકસ્માતના બનાવની હકીકત વાત વાતમાંથી તેઓને જાણવા મળેલ હોવાની હકીકત જણાવેલ છે. આમ અસરકર્તા સાહેદ એવા ફરીયાદીના પુરાવા પરથી આ કામે બનાવ સ્થળે આરોપીને જોયેલ હોય કે આરોપીએ પોતાના હવાલાવાળુ વાહન બેફીકરાઇથી અને બેદરકારીથી ચલાવી આ અકસ્માત કરેલ હોય તેવી મહત્વની કોઈ હકીકત બહાર આવતી નથી. ઉલટાનુ ફરીયાદી પોતે ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસની

હકીકતોને સમર્થન થાય તેવી કોઇ હકીકત જણાવતા નથી. વધુમાં આ કામે તપાસવામા આવેલ અન્ય મહત્વના સાહેદએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

**(૧૨)** આમ રેકર્ડ પર આવેલ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપીએ ફરીયાદ હકીકત મુજબનો ગુનો કરી **બી. એન. એસ.ની કલમ– ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી), તથા એમ. વી. એકટની કલમ–૧૩૪, ૧૭૮, ૧૮૪** મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહી તેવુ આ અદાલતનુ માનવુ છે.

**(૧૩)** વધુમાં, અસરકર્તા પક્ષકાર ધ્વારા **આંક–૧૫** થી પુરાવો પુરો થયાની પુરશીશ રજુ કરેલ છે. આમ, જયારે પક્ષકારો પુરાવો પુરો થઈ ગયાની પુરશીશ રજુ કરતા હોય, આવા સંજોગોમાં આવા કેસને વધુ સમય સુધી પડતર રાખવો યોગ્ય જણાતો નથી.

**(૧૪)** આમ, રેકર્ડ ઉપર આવેલ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, આરોપી સામે આક્ષેપાયેલ ગુનો પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, તેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ :: –**

**(૧)** આ કામના આરોપી પ્રવિણભાઈ ઉર્ફે પાસાભાઈ બાબુભાઈ સાંકળીયા, ઉ. વ. પુખ્ત, ધંધો– ખેતીકામ, રહે. બાઢડા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી નાઓને **બી. એન. એસ. એસ.ની કલમ–૨૭૮(૧) અન્વયે બી. એન. એસ.ની કલમ– ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી), તથા એમ. વી. એકટની કલમ–૧૩૪, ૧૭૮, ૧૮૪** મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના બિનકિંમતી મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામા આવે છે.

**(૩)** **બી. એન. એસ. એસ. ની કલમ– ૪૮૧** ની જોગવાઇ મુજબ સુચિત

અપીલ માટે અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે આરોપીએ રૂા. ૫૦૦૦/−(અંકે રૂપીયા પાંચ હજાર પુરા) રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. **૧૪ મી,** માહે−**ઓગષ્ટ,** સને−**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
KUTBUDDIN NOORMOHAMMED SARVAIYA
Reason: JUDGMENT
at Addi. Chief Judi. Megistrate, Savarkundla
on 14/08/2026 17:51:30 IST.

સ્થળ: સાવરકુંડલા (કુત્બુદીન નુરમોહંમદ સરવૈયા)
તા. ૧૪/૦૮/૨૦૨૬ એડી. ચીફ જયુડી. મેજી. સાવરકુંડલા
***CODE No. GJ***– *00966*